ગાંધીનગર સમાચાર
તા. ૧૨-૭-૨૦૧૩, શુક્રવાર

તંત્રી સ્થાનેથી.....

જ્ઞાતિ આધારિત રાજકીય સંમેલનો પર પ્રતિબંધ : હાઇકોર્ટનો આવકારદાયક હુકમ

અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા સમાજવાદી પાર્ટીના બ્રાહ્મણ સંમેલન સંદર્ભે અપાયેલ 'સ્ટે ઑર્ડર' આપણી પ્રવર્તમાન રાજકીય શૈલી સામે અદાલતની લાલબત્તી સમાન છે. અલબત્ત, આ લાલબત્તી અદાલતના આગામી ચુકાદા સુધી જ મર્યાદિત છે. પરંતુ જો આ મુદ્દે અદાલત વધુ આગ્રહી બનશે તો એથી રાજકારણની સમગ્ર તાસીર પર દૂરોગામી અસર પડવાની સંભાવના છે. જ્ઞાતિઓનાં સંમેલનો યોજીને રાજકીય પક્ષો પોતાની વોટ બેંક મજબૂત કરતા હોય છે. આ હકીકત હવે આ દેશના કોઈ પણ નાગરિક કે જ્ઞાતિ સમુદાયથી છૂપી નથી રહી. ધર્મ પછીનું સૌથી મહત્ત્વનું પરિબળ જ્ઞાતિ છે. ભારત વિવિધ ધર્મ- સંપ્રદાયો અને જ્ઞાતિ સમૂહોમાં વહેંચાયેલો દેશ છે. રાષ્ટ્રીયતા કરતાં સવિશેષ અહીં ધર્મ અને જ્ઞાતિ તરફની વફાદારી દૃષ્ટિગોચર થતી રહી છે. આ મુદ્દે આપણી પ્રજા વિકસિત રાષ્ટ્રોની પ્રજા કરતાં જુદી પડે છે. શરૂથી જ 'મનુસ્મૃતિ' મુજબની વર્ણ વ્યવસ્થા આપણી પ્રજામાં સ્વીકૃત બની ગયેલ હોઈ વર્ણ અને જ્ઞાતિના વાડાઓમાંથી એને રાતોરાત બહાર કાઢવી અઘરી છે. મનુ સ્મૃતિની હોળી કરનારા ડૉ. બાબાસાહેબ આંબેડકર આપણા બંધારણના ઘડવૈયા છે, પણ એમને સુધ્ધાં હિંદુ ધર્મ છોડી બૌદ્ધ ધર્મનું શરણું સ્વીકારવું પડ્યું હતું અને જીવ્યા ત્યાં સુધી એ દલિત જ્ઞાતિ સમુદાયોના અધિકારો માટે લડત ચલાવતા રહ્યા હતા. એક તબક્કે એમણે દલિતો માટે બેવડો મતાધિકાર સુધ્ધાં માગ્યો હતો. આપણી વર્ણ વ્યવસ્થા તથા જ્ઞાતિઓથી પકડ એટલી હદે મજબૂત છે કે ચૂંટણીમાં દરેક રાજકીય પાર્ટી 'જીતી શકે એવા ઉમેદવાર'ની પહેલી લાયકાત લેખે એની જ્ઞાતિને મહત્ત્વ આપતી રહી છે. આઝાદીની ચળવળ દરમિયાન આપણા નેતાઓ સામે માનવીય મૂલ્યો અને ઊંચા આદર્શો રહ્યા કરતા હતા. ગાંધીજીનું નેતૃત્વ કોઈ ધર્મ કે જ્ઞાતિનું મોહતાજ નહોતું. તેમ છતાં, તેઓ ગીતામાં પ્રબોધેલા ચાતુર્વર્ણનો સ્વીકાર કરીને ચાલતા હોય એવી એક છાપ ખુદ એમના જ નિવેદનથી પ્રતિપાદિત થતી જોવા મળે છેઃ ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના વખતે એમણે ઉચ્ચારેલા શબ્દો યાદ કરોઃ 'કોઈ વણિક પુત્રને ઋષિ કાર્ય કરવાની છૂટ હોય તો મેં આ કાર્ય કર્યું છે.' ગાંધીને બ્રિટિશ સત્તાધીશો જ નહીં, ખુદ ડૉ. બાબાસાહેબ આંબેડકર અને મહમદ અલી ઝીણા સવર્ણ હિંદુઓના જ નેતા માનતા રહ્યા હતા, તેની ના કઈ રીતે પડાશે? કૉંગ્રેસ પર ત્યારે 'હિંદુ પાર્ટી'ની છાપ હતી. મુસલમાનો એમાં હતા ખરા, પરંતુ મુસલમાનોની પાર્ટી તો ઝીણાની 'મુસ્લિમ લીગ' હતી! ગાંધીહત્યાનું આળ હિંદુ મહાસભા સાથે સંકળાયેલા નેતાઓ પર આવતાં અને પંડિત નહેરુની બિનસાંપ્રદાયિક રાજનીતિ જોતાં કૉંગ્રેસનો ચહેરો બદલાયો હતો. પરંતુ એથી શ્યામાપ્રસાદ મુખરજી અને બીજા રાષ્ટ્રવાદી નેતાઓએ 'જનસંઘ'ની શરૂઆત કરી હતી જે હાડોહાડ હિંદુ પાર્ટી તરીકેની 'જનસંઘ'ની શરૂઆત કરી હતી જે હાડોહાડ હિંદુ પાર્ટી તરીકેની વિચારધારા ધરાવતો હતો. પંજાબના શીખોનું રાજકારણ 'અકાલી દળ' સ્વરૂપે પ્રગટ્યું અને દ્રવિડ જ્ઞાતિસમુહોએ દક્ષિણમાં અલગ ચોકા માંડ્યા. ત્યારથી શરૂ થયેલી ટકરામણ છેવટે જ્ઞાતિવાદી પ્રાદેશિક પક્ષો સુધી વિસ્તરી છે. ચૌધરી ચરણસિંહ જાટ રાજકારણના જોર પર મોરારજી દેસાઈને સત્તાવિહીન કરી શક્યા હતા. કૉંગ્રેસનો પ્રભાવ ઓસરતાં રાજકારણનું જ્ઞાતિકરણ વધુને વધુ મજબૂત થતું ગયું છે. બિહારમાં ચૂંટણી ફક્ત જ્ઞાતિવાદી ધોરણો લક્ષ્યમાં રાખી લડાય છે અને ઉત્તરપ્રદેશના ક્ષત્રયો પણ પોતપોતાની જ્ઞાતિના વોટ પર મુસ્તાક છે. છેલ્લે તો વસતિ ગણતરીમાં પણ જ્ઞાતિનો ઉલ્લેખ ફરજિયાત કરાવાયો તે આવી અધોગતિની પરાકાષ્ઠા હતી. શું અદાલત આટલી હદે વણસી ગયેલી સ્થિતિને બદલી શકશે? ગુજરાતની જ વાત કરીએ તો અહીંનું રાજકારણ વ્યક્તિપ્રભાવ ઉપરાંત જ્ઞાતિનાં ગણિતો પર જ મંડાતું રહ્યું છે, એનો ઈનકાર તો કોઈ ચમરબંધી નેતા પણ કરી શકે એમ નથી. કોળી સમાજ, પાટીદારોમાં પણ લેઉવા-કડવા અને ચૌધરી સમાજ, ક્ષત્રિયોમાં રાજપૂત અને ઠાકોર-બક્ષીપંચ જ્ઞાતિ સમૂહોઃ જ્યાં જુઓ ત્યાં આ રોગ વકરેલો જોવા મળે છે. અદાલત પાસે એ રોગનું નિદાન તો છે પણ ઈલાજ છે ખરો?

મહારાણા પ્રતાપ સરકારી શાળા ખાનગી ટ્રસ્ટને ન સોંપવા વાલીઓની માગ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૭માં આવેલી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા મહારાણા પ્રતાપ વિદ્યામંદિરનું સંચાલન ખાનગી ટ્રસ્ટને સોંપવાની હિલચાલ સામે સંસ્થાના વાલી ગણે વિરોધ પ્રગટ કર્યો છે અને શાળાને ચાલુ રાખવા અપીલ કરી છે.

મહારાણા પ્રતાપ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધોરણ-૯ થી ૧૨ના વર્ગો ચાલે છે સેકટર-૨૭ની આસપાસના આર્થિક રીતે નબળા વાલીઓના બાળકો આ શાળામાં અભ્યાસ કરે છે. ધોરણ-૮, ૯, ૧૦, ૧૧ ને ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દર વર્ષે શાળાનું સારું પરિણામ લાવે છે. ગાંધીનગર સેકટર-૧૫, સેકટર-૨૪, સે-૨૫, સે-૨૬, સે-૨૭, સે-૨૮, સે-૨૯, સે-૦ બોરીજ, આદિવાડા, જીઈબી અને જીઈબી છાપરા તથા પ્રેસ વિસ્તારમાં થી ગરીબ અને નબળા બાળકો આ શાળામાં અભ્યાસ કરે છે. શાળાની સંખ્યા સારી છે અને શાળાનું બોર્ડનું પરિણામ પણ સારું આવે છે. સરકાર દ્વારા નગરની ચાર શાળાઓ બંધ કરાઈ છે અને આ સે-૨૭ની મહારાણા પ્રતાપ વિદ્યામંદિરને પણ ખાનગી ટ્રસ્ટને સોંપવાની હિલચાલ ચાલી રહી છે. ખાનગી ટ્રસ્ટને શાળા સોંપાતા તેની ફી અને અન્ય આર્થિક બોજરૂપ બનતી પ્રવૃત્તિથી બાળકોનો અપવ્યય થવાની સંભાવના છે. સંસ્થા ખાનગી ટ્રસ્ટને ન સોંપાય અને સરકાર દ્વારા જ ચાલુ રખાય તેવું સૌ વાલીઓ જણાવી રહ્યા છે.

જેસીઆઈ દ્વારા તાલીમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

'સફળ થવું છે ? ખુબ સહેલુ છે, સફળતાની કલ્પના કરો, તમે જે પણ બનવા માંગો છો, કરવા માંગો છો એનું સ્પષ્ટ ચિત્ર મગજમાં બનાવો.' જેસીઆઈ, ગાંધીનગરના ઉપક્રમે 'સફળ થવાના સાત મંત્રો' વિષય ઉપર તાલીમનું આયોજન થયું હતું. જેમાં ગાંધીનગરના અને રાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ પ્રાપ્ત ટ્રેનર શ્રી સુરેશ પટેલે દૃશ્ય અને શ્રાવ્યના અદ્‌ભૂત મિશ્રણથી સૌને સફળ થવાના આ મંત્રો શીખવ્યા હતા.

'તમે તમારી સફળતાના જે ચિત્રની કલ્પના કરી ત્યાં પહોંચવા માટેનો રોડમેપ તૈયાર કરો અને એ દિશામાં આત્મવિશ્વાસ સાથે આગળ વધો તો સફળ થતા તમને કોઈ જ રોકી શકે નહી.' શ્રી સુરેશ પટેલે દૃષ્ટાંત માટે ભારતના અંતરીયાળ ગામડામાં રહીને, કોઈપણ અક્ષરજ્ઞાન વગર માત્ર કલ્પનાશક્તિ અને આત્મવિશ્વાસના બળે કરવામાં આવેલા બે સફળ સંશોધનો જમીન અને પાણી બંને ઉપર ચાલી સકતી સાયકલ અને ઉંચી નાળિયેરી ઉપરથી સહેલાઈથી નાળિયર તોડી શકાય તે માટેના કલેમ્પ-નો વિડિયો દર્શાવ્યો હતો. 'સફળતાના મુળ આત્મ વિશ્વાસમાં રહેલો છે અને આત્મ વિશ્વાસ કાબેલિયતથી મળે છે, કાબેલિયત સકારાત્મક દૃષ્ટિકોણ, જ્ઞાન અને આવડતના સમન્વયથી મળે છે. આત્મવિશ્વાસ અને કાબોલિયત પરસ્પર જોડાયેલા છે. એકની ગેરહાજરીમાં બીજાનું પણ કોઈ અસ્તિત્વ રહેતુ નથી.' શ્રી પટેલ દ્વારા ઘણા સ્વઅનુભવો અને પ્રસંગો ટાંકવામાં આવ્યા હતા.

'અર્જુન અને એકલવ્ય જેવા ધ્યાન વિશે આપનાર ભારત દેશ છેલ્લા વર્ષોથી સારા નિશાનેબાજો આપી શક્યો નથી તે ખુબ દુઃખદ બાબત છે. શું આપણે એકાગ્રતાના મહત્વને નજરઅંદાજ કરી રહ્યા છીએ? 'પોતાના લક્ષ્ય તરફ એકાગ્રતા કેળવીને કોઈ વ્યક્તિ જ્યારે પ્રતિબદ્ધતાથી સતત એ જ દિશામાં કાર્ય કરતો રહે તો વિઘ્નો પણ આપોઆપ તેને રસ્તો કરી આપે છે.' ગુજરાતના પનોતા પુત્ર અને ટેલિફોન ક્રાંતિના પ્રણેતા શ્રી સામ પિત્રોડાનું જીવન એકાગ્રતા, પ્રતિબદ્ધતા અને સતત લક્ષ્ય તરફ નજર રાખીને એક દિશામાં કાર્ય કરી મેળવેલ સફળતાનું ઉત્તમ ઉદાહરણ છે.

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા શક્તિદૂત યોજનાનો અમલ

ગાંધીનગર, તા. ૧૧

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત હસ્તકની જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગાંધીનગર દ્વારા શક્તિદૂત યોજના હેઠળ રાજ્યના પ્રતિભાશાળી ખેલાડીઓમાં રહેલી ક્ષમતાને ધ્યાનમાં રાખી રમતગમતની સુવિધાઓ પુરી પાડી ચેમ્પિયન્સો તૈયાર કરવામાં આવશે.

યોજના અંતર્ગત રમતવીરને સહાય મેળવવા માટે સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડીયા દ્વારા માન્ય રમતો, કોમનવેલ્થ ગેમ્સ, એશિયન ગેમ્સ તથા આફ્રો એશિયન ગેમ્સ અને ઓલમ્પિકમાં સમાવિષ્ટ રમતોને માન્ય ગણવામાં આવશે. ૧૨ થી ૨૦ વર્ષ સુધીની ઉંમર લક્ષમાં લેવામાં આવશે. તેમજ વધુ ઉંમરના ખેલાડીઓ માટે ખાસ કિસ્સા તરીકે સરકારની મંજુરી બાદ સહાય આપવામાં આવશે. વધુમાં માન્ય ઓલ ઈન્ડિયા ફેડરેશન દ્વારા યોજાતી ઓપન કેટેગરીની જુનીયર/સબ જુનીયર સ્પર્ધાના વિજેતા રમતવીરોને અગ્રતાના ધોરણે તેમજ યોજના માટે પસંદગી પામતા ખેલાડીઓની બે વર્ષની રમતથી ગમતની સિદ્ધિને ધ્યાનમાં રાખવામાં આવનાર છે. અરજદારે www.sycd.gujrat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની છે. અરજી તા. ૪-૭-૧૩ થી તા. ૩૧-૭-૧૩ સુધી સ્વીકારવામાં આવશે. અરજીપત્રકની વિગત ભરીને પ્રિન્ટ મેળવી આધાર-પુરાવા સાથે જિલ્લા સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે તા. ૧૬-૮-૧૩ સુધી પહોંચાડવાની રહેશે. સમય મર્યાદા બાદ અરજી સ્વીકારવામાં આવશે નહિ તેમ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રના સિનિયર કોચ દ્વારા જણાવાયું છે.

વિદ્યાસહાયકોની ભરતીનો ગાંધીનગરમાં આરંભ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં ગત રોજ ગણિત-વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયના વિદ્યાસહાયકોની ભરતીનો શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને વસુબેન ત્રિવેદીના શુભ હસ્તે કરવામાં આવ્યો હતો.

પી.ટી.સી. પ્રવેશ કાર્યાલય સેક્ટર-૧૯, ગાંધીનગર ખાતે ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણમંત્રી કેબિનેટ, તેમજ વસુબેન ત્રિવેદી શિક્ષણમંત્રી રાજ્ય કક્ષાના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય કરી ગુજરાત રાજ્યમાંથી આવેલ ગણિત-વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયના વિદ્યાસહાયકની ભરતીનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

શિક્ષણમંત્રી વસુબેન ત્રિવેદીએ વિદ્યાસહાયકોને ઉદ્‌બોધન કરતાં જણાવ્યું કે, 'તમે દેશની ભાવિ નાગરિકોને ઘડનાર શિક્ષક તરીકે તમારી કારકિર્દીની શરૂઆત કરવા જઈ રહ્યા છો ત્યારે તમારા પોતાનું જીવન સચ્ચાઈ, ઈમાનદારી, દેશદાઝ અને વ્યસન રહિત હોવું જરૂરી છે. જેથી વિદ્યાર્થીઓને એક સાચા પથદર્શક બની શકો.' તથા કેબિનેટ કક્ષાના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ શરૂઆતમાં વિદ્યાસહાયકોને જણાવ્યું કે, 'દાન ઘણા પ્રકારના હોય છે, જેમાં અન્નદાન, વસ્ત્રદાન, નેત્રદાન, રક્તદાન, સામાજિક જીવનમાં દરેક વ્યક્તિ આ પ્રકારના દાન કરી પૂણ્ય પ્રાપ્ત કરે છે. પરંતુ આજના દિવસે તમારે સદ્‌નસીબે તમો એક એવા પૂણ્યદાન તરફ જઈ રહ્યા છો, જેનાથી વ્યક્તિ સાથે કુટુંબ, સમાજ, દેશ અને રાષ્ટ્રનું ઉત્થાન થશે અને તે દાન છે વિદ્યાદાન. જે દાન મારફતે તમો એવા નાગરિકોનું ઘડતર કરશો કે તમામ ક્ષેત્રમાં સહયોગી થઈ સાંગોપાંગ વિકાસના દ્વાર ખુલી જશે.'

આ પ્રસંગે બંને શિક્ષણમંત્રીશ્રીઓએ ઓનલાઈન ભરતી પ્રક્રિયાનું નિરીક્ષણ કરી પ્રથમ ચાર ઉમેદવારોને દસ જ મિનિટમાં જિલ્લા પસંદગી ઓર્ડર તેઓશ્રીઓના વરદ હસ્તે આપ્યા હતા. સમગ્ર પ્રક્રિયાનું નિરીક્ષણ કરી મંત્રીશ્રીઓએ જિલ્લા પસંદગી સમિતિની પારદર્શક કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ સે.૨૨ની સાધારણ સભા ૧૪મીએ

ધર્મપ્રેમી નગરજનો, રસ ધરાવતી સંસ્થાઓને નિમંત્રણ

ગાંધીનગર, તા.૧૧

સાર્વજનિક ગણેશોત્સવ સમતિ સેકટર-૨૨, રંગમંચ દ્વારા આ વર્ષે ૪૪મો ગણેશોત્સવ ૯મી સપ્ટેમ્બરથી ૧૫મી સપ્ટેમ્બર સુધી યોજાશે. ગણેશોત્સવ સંદર્ભે ૧૪મી જુલાઈએ મહારાષ્ટ્ર સમાજ ભવન, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે સાધારણ સભા યોજાશે.

ગાંધીનગરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ સેકટર-૨૨ દ્વારા ગણેશોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે સંદર્ભે ધર્મપ્રેમી જનતા તેમજ સમિતિના હોદ્દેદારો અને કાર્યકર્તાઓને ૧૪મી જુલાઈએ સવારે ૧૧ કલાકે મહારાષ્ટ્ર સમાજ ભવન, સેકટર-૨૧ ખાતે સાધારણ સભા યોજાશે. બેઠકમાં ૨૦૧૨ના આવક જાવકના હિસાબોને બહાલી આપવા તેમજ ૨૦૧૩ના વર્ષ માટે હોદ્દેદારો અને કાર્યકર્તાઓની વરણી કરવા તેમજ પ્રમુખ સ્થાનેથી જે રજૂ થાય તે માટે વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવેલ છે. સભામાં તમામ ધર્મપ્રેમી નગરજનોને તેમજ સમિતિના હોદ્દેદારો, કાર્યકર્તાઓને અને રસ ધરાવતા તમામને ઉપસ્થિત રહેવા પ્રમુખ નિશીથ વ્યાસે જણાવ્યું છે.

કલા-સંસ્કૃતિ અને શિક્ષણનો સંગમ : પ્રા.એમ.વી. પરમાર "મનમોજી"

કેફિયત કલા સાધકની

આશા સરવૈયા

આજે એક એવા વ્યક્તિ વિશેષનો પરિચય કરાવવો છે જેમનું નામ ગાંધીનગરના કલા આકાશમાં છેલ્લા દાયકાથી ઉભરી આવેલું છે. નાટક, અભિનય, સંગીત, ઉદ્‌ઘોષણા, સાહિત્ય વિ. ક્ષેત્રોમાં તેઓનું આગવું પ્રદાન છે અને તેઓ વિલક્ષણ બહુમુખી પ્રતિભા ધરાવે છે. પોતાની સર્જકતાના તેઓ નવા નવા આયામ પ્રગટાવતા રહ્યા છે. આવા જ સર્જકો, કસબીઓ, કલાકારો કલાજગતને ધબકતું અને પ્રાણવાન રાખે છે. આ કલાકાર છે પ્રા. એમ.વી. પરમાર "મનમોજી"

જન્મ-અમદાવાદ ખાતે વર્ષ ૧૯૪૨માં અને વતન-માણેકપુરા (ડાભલા) તા. વિજાપુર, જિ.મહેસાણા. બાળપણથી જ નાટક, રમત-ગમત, સંગીત, સાહિત્ય ક્ષેત્રે રસ ધરાવનાર એમ.વી. પરમારે (મફતભાઈ) શાળાભ્યાસ પ્રીતમપુર શાળા, ગિરધરનગરમાં અને શાહપુર ટયુટોરીયલ હાઈસ્કૂલ અમદાવાદમાંથી કર્યો. શાળાકાળમાં નાટક મુખ્ય શોખ હોવાથી અનેક નાટકોમાં ભાગ લીધો. જેમાં "રાખી કી ઈજ્જત" નાટકમાં મુખ્ય રોલ ભજવીને શાળાભ્યાસ દરમિયાન જ નાટ્યક્ષેત્ર ધમાકેદાર શરૂઆત કરી.

૧૯૬૦ માં એસ.એસ.સી.ના પાસ કરીને એલ.ડી.આર્ટ્સ કૉલેજ, અમદાવાદથી બી.એ.ની ડીગ્રી મેળવી. કૉલેજમાં પણ અનેક નાટકો કર્યાં. જેમાં 'ઉછીના વર' અને પ્રબોધ જોષી કૃત 'પાગલ' નાટકોમાં મુખ્ય રોલ ભજવીને એલ.ડી. આર્ટલમાં મફતભાઈ છવાઈ ગયા. ૧૯૬૨માં ગુજરાત યુનિવર્સિટી યુવક મહોત્સવમાં એલ.ડી.આર્ટ્સ કૉલેજનું 'પાગલ' નાટક સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા બન્યું. ત્રણ ભજવીને એમ.વી.પરમારે પ્રશંસા પ્રાપ્ત કરી હતી તેમજ કૉલેજના આચાર્ય શ્રી ગણેશ માવલંકર સાહેબે તેમને અને સમગ્ર યુનિટને ખાસ ધન્યવાદ પાઠવ્યા હતા. એ પછી ૬૬-૬૭માં ગુજરાતી વિષય સાથે સી.બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડીયાદમાંથી એમ.એ.ની ડીગ્રી પ્રાપ્ત કરી.

અભ્યાસની સાથે સાથે નાટ્યપ્રવૃત્તિનો પણ વ્યાપ વિસ્તર્યો. અને અમદાવાદની પ્રખ્યાત નાટ્ય સંસ્થા 'જવનિકા કલા કેન્દ્ર'માં એમ.વી. પરમાર કલાકાર તરીકે જોડાયા. જયાં નાટકો ભજવતાં ભજવતાં નાટકના દરેક પાસાઓ બખુબી જાણવા અને સમજવા મળ્યા. જવનિકામાંથી દસથી વધારે ત્રિઅંકી નાટકોમાં પરમારભાઈએ મુખ્ય ભૂમિકાઓ ભજવી. જેમાં સળગી સ્વાર્પણ જવાળા, પાછો પ્રેમમાં પરો, પિંજર, પ્રેમપંથ, ભગવાનની માયા, પ્રેમળ જ્યોતિ વિ.માં એમણે અભિનયના અજવાળા પાથર્યા છે. ૧૯૬૯માં ભજવેલા 'મળેલા જીવ'માં કાનજીનાં મિત્ર 'હીરા'નું પાત્ર ભજવીને પરમારભાઈએ અભિનય પરનું પ્રભુત્વ સાબિત કરી આપ્યું. 'મળેલા જીવ'ના સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ શો કરીને લોકચાહના મેળવી.

આજ અરસામાં એમ.વી. પરમાર અમદાવાદ મ્યુ. કોર્પોરેશનમાં નોકરીમાં જોડાયા. 'અમદાવાદ મ્યુ. કોર્પો. સાંસ્કૃતિક વર્તળુ' દ્વારા રજૂ થતા કાર્યક્રમોમાં પણ તેઓ જોડાયા. નાટકમાં દિલચશપી હોવાને લીધે સાંસ્કૃતિક વર્તુળ દ્વારા રજૂ કરવામાં આવેલ નાટકો 'આશા કિરણ', પન્નાલાલ પટેલ કૃત ફકીરો (કંકણ) વિ. નાટકોમાં ચારૂબેન પટેલ, નીલા પટેલ, ઈન્દ્રવદન નાયક, પ્રેમ રાવલ, એઝરા ક્રિશ્ચિયન, અરૂણદત્ત વ્યાસ, ભાઈલાલ પટેલ, પુષ્પા વાઘેલા, મોહન જસાણી જેવા સાથી કલાકારો સાથે ઉમંગ-ભેર નાટકોની રજૂઆત કરી. મોટા ભાગના નાટકોમાં એઝરા ક્રિશ્ચિયનનું દિગ્દર્શન હતું.

નાટકમાં મજબૂત અભિનયની સાથે સાથે દિગ્દર્શનમાં પણ એમ.વી. પરમારે સફળતાપૂર્વક ઝંપલાવ્યું અને પ્રાગજી ડોસા કૃત 'ઘરનો દીવો'નું દિગ્દર્શન કરીને આ ક્ષેત્રે પણ ડગ માંડયા.

૧૯૬૯માં ગાંધી શતાબ્દી પ્રસંગે ગાંધી વિચારસરણીને રજૂ કરતાં ત્રિઅંકી નાટકોની ગુજરાત રાજ્ય દ્વારા યોજાયેલ સ્પર્ધામાં 'આશાકિરણ' નાટકમાં મુખ્ય પાત્ર ભજવતાં એમ.વી. પરમારને 'શ્રેષ્ટ અભિનય' અંગેનું પ્રથમ પારિતોષિક અને નાટકને દ્વિતીય ઈનામ પ્રાપ્ત થયું હતું. આમ નાટ્યજગત પર એમ.વી. પરમારનો ડંકો વાગી ગયો હતો.

૧૯૭૧માં એમ.વી. પરમાર, સરકારી વિનયન કૉલેજ, સે-૧૫, ગાંધીનગરમાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે જોડાયા અને એકાંકી અને ત્રિઅંકી નાટકો તથા અન્ય રંગમંચલક્ષી કલા ક્ષેત્રે કૉલેજના વિદ્યાર્થીઓને તાલીમ આપવાનું શરૂ કર્યું. સાથે સાથે નાટકોનાં દિગ્દર્શન અને રજૂઆત કરાવીને અનેક ઈનામો મેળવ્યા. પોતાના દિગ્દર્શનમાં 'મને પરણાવો એક છોકરી, રાજાને ગમી તે રાણી, શાહજહાં, હું ખોવાયો છું, જહાંગીર નો ઈન્સાફ, ઈરાદો, મરી જવાની મજા, કહેવું કોને? બહુત નાચ્યો ગોપાલ, કેન્સર, ગાંડાનું ઘર, લાઈન, પોલીસ ચોકી, આપઘાત, થોડું સુખ આપો ઉછીનું, કાદવ-કીચડ, માણસ કૂતરાં અને ચૂંટણી, કલાકારનું કફન વિ. અધધધ... સફળ નાટકો પરમાર સાહેબે રજૂ કરાવ્યા હતા.'

આ નાટકોમાં અભિનયનો પ્રાણ પુરીને જીવંત બનાવનારા કલાકારોમાં રમેશ તન્ના, પ્રજ્ઞા મહેતા, જયોતિન્દ્ર વ્યાસ, મયૂરી મહેતા, રશ્મિ ભટ્ટ, કલ્પના મહેતા, મનોજ નાયક, કાશ્મીરા-સુજાતા આચાર્ય, સુરેશ પારધી, ઉદય બ્રહ્મભટ્ટ, સંજીવ મહેતા, ભરત પંડ્યા, ભીખાભાઈ પટેલ, પિયુષ હિંચોડા, આશા વૈષ્ણવ, નીતા ભટ્ટ, સુનેત્રા બાગ વિ. મુખ્ય હતા. (મને પરણાવો એક છોકરી નાટકમાં પાત્ર ભજવનાર જયોતીન્દ્ર વ્યાસ નાટક ભજવતા ભજવતા એક છોકરી (મયૂરી મહેતા) ને પરણી ગયા હતા!)

પરમાર સાહેબના હાથ નીચે તૈયાર થયેલા કલાકારોમાંથી રમેથ તન્ના, મનોજ નાયક, સંજીવ મેહતા, નીતા ભટ્ટ, ઉદય બ્રહ્મભટ્ટ અને સુરેશ પારધીએ ખૂબ નામના મેળવી છે, જેનો પરમાર સાહેબને ગર્વ છે : સુરેશ પારધી તો ઓલ ઈન્ડિયા સચિવાલય એકાંકી સ્પર્ધા તેમ જ સંગીત નાટક અકાદમીની યોજનામાં ભાગ લઈ પોતાના નાટ્યકલાના રસને જીવંત રાખી નાટ્યગુરૂ પ્રા.એમ.વી. પરમાર સાહેબના વારસાને આગળ ધપાવે છે.

પોતાની કુનેહ અને અથાક અભિનયના જોરે સરકારી વિનયન કોલેજ દ્વારા રંગમંચ પર રજૂ થયેલ અને મંચન થયેલ એમ.વી.પરમાર દિગ્દર્શિત અનેક નાટકોને ઈનામો પ્રાપ્ત થયા છે. જેમાં (૧) મને પરણાવો એક છોકરી (ગુજ.યુનિ. યુવક મહોત્સવ - માણસા) નાટકને દ્વિતીય ઈનામ. (૨) રાજાને ગમી તે રાણી - એચ.કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદએકાંકી સ્પર્ધામાં ઉદય બ્રહ્મભટ્ટને શ્રેષ્ઠ અભિનેતાનું દ્વિતિય ઈનામ. (૩) જહાંગીરનો ઈન્સાફ- કવિ ન્હાનાલાલ જયંતિ પ્રસંગે એચ.કે. આર્ટસ કોલેજમાં ન્હાનાલાલનાં નાટકોની નાટક સંશોધન સ્પર્ધામાં દ્વિતિય અને 'ધોબણ'ના પાત્ર માટે કાશ્મીરા આચાર્યને પણ દ્વિતિય (ઉત્કૃષ્ટ અભિનય) સ્થાન પ્રાપ્ત થયું. ઉપરાંત નિર્ણાયક શ્રીઓએ નાટકની અને કલાકારોની ખોબલે ખોબલે પ્રશંસા કરી હતી! (૪) લાભશંકર ઠાકર કૃત નાટક 'ઈરાદો'ને રજૂ કરીને પ્રથમ સ્થાન મળ્યું હોવાથી 'વીણાવેલી' ટ્રોફી જીતી હતી. જેમાં શ્રેષ્ઠ દિગ્દર્શકનું પ્રા. એમ.વી. પરમારને અને અભિનય માટે સુરેશ પારધીને ઈનામો મળ્યા હતા.

(૫) લાભશંકર ઠાકરનું 'મરી જવાની મજા' એબ્સર્ડ એકાંકીએ ગુજરાત રાજ્ય યુવક મહોત્સવમાં ગાંધીનગર વિભાગમાં પ્રથમ અને આંતર વિભાગીય સ્પર્ધામાં દ્વિતીય સ્થાન મેળવ્યું હતું.

અભિનય અને દિગ્દર્શન કલાના માહિર પરમાર સાહેબે નાટ્ય લેખનમાં પણ અદ્‌ભુત સફળતા મેળવી. એમનો લખેલા 'થોડું સુખ આપો ઉછીનું' નાટકે ગુજરાત રાજ્ય યુવક મહોત્સવમાં રાજ્યકક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને ગાંધીનગરને ગૌરવ અપાવ્યું હતું. નાટકનું દિગ્દર્શન એમ.વી. પરમારના શિષ્ય સુરેશ પારધીએ કર્યું હતું. અને આજ નાટક ઓલ ઈન્ડિયા સીવીલ સર્વીસીઝ એકાંકી સ્પર્ધામાં નાગપુર ખાતે રજૂ કર્યું. જેમાં મૌલિક લેખન માટે એમ.વી.પરમારને ઈનામ પ્રાપ્ત થયું. અને અભિનેતા, દિગ્દર્શક અને નાટ્ય લેખક તરીકે પોતાની વિવિધ કાર્યદક્ષતાનો પરિચય પ્રેક્ષકોને કરાવનાર પ્રા. એમ.વી પરમાર ભારતભરમાં છવાઈ ગયા!

ગાંધીનગરના વિકાસના શરૂઆતના વર્ષોમાં વિવિધ ક્ષેત્રોમાં પહેલ કરનાર વ્યક્તિઓને 'ગાંધીનગર ઉત્સવ સમિતિ' દ્વારા સન્માનવામાં આવેલ જેમાં શિક્ષણ અને નાટયક્ષેત્રે ગૌરવપૂર્ણ પ્રદાન બદલ એમ.વી. પરમારને માનનીય રાજયપાલશ્રી સુંદરસિંહજી ભંડારીના વરદ હસ્તે શાલ ઓઢાડીને તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

મેઘધનુષી પ્રતિભા ધરાવતા એમ.વી પરમાર રમતગમત ક્ષેત્રે પણ શાળા-કોલેજ કાળથી જ સક્રિય રહ્યા છે. કબડ્ડી તેમની પ્રિય રમત અને ૧૯૬૫માં ગુજરાત યુનિવર્સિટી ટીમમાંથી પસંદગી પામીને ઓલ ઈન્ડિયા યુનિ. સ્પર્ધામાં ભાગ લેવા બદલ માનનીયશ્રી ગુલઝારીલાલ નંદાએ બ્લેઝર પહેરાવીને તેમનું સન્માન કર્યું હતું. પરમાર સાહેબ આ પ્રસંગને સવિશેષ આનંદ અને ગર્વભેર યાદ કરે છે.

પ્રા. એમ.વી. પરમારના ગુજરાતી ભાષા પરના પ્રભુત્વના કારણે તેમણે નાટ્ય લેખન સાથે વાર્તાકાર અને કવિ તરીકે પણ નામના મેળવી છે. ૨૦૦૬માં ગુ